# કાયદા પ્રધાને જ સ્ટેટસ રિપોર્ટ બદલ્યો

નવી દિલ્હી,તા. ૬

સીબીઆઈના ડિરેક્ટર રણજીતસિંહાએ સમગ્ર દેશને હચમચાવી મૂકનાર કોલસા કૌભાંડના સંબધમાં સુપ્રીમ કોર્ટમાં નવ પાનાની એફિડેવિટ દાખલ કરી હતી જેમાં રણજીતસિંહાએ કેટલાક ચોંકાવનારા ખુલાસા કર્યા છે. એફિડેવિટમાં જણાવાયું છે કે કાયદા પ્રધાન અશ્વિની કુમારે કોલસા બ્લોકની ફાળવણીમાં કહેવાતી ગેરરીતિમાં તપાસ અંગેના તેના સ્ટેટસ રિપોર્ટમાં ઘણા બધા ફેરફાર કર્યા હતા. અશ્વિની કુમાર સામે સંકંજો હવે મજબૂત બની ગયો છે. સીબીઆઈએ નવેસરની એફિડેવીટમાં સુપ્રીમ કોર્ટ સમક્ષ કહ્યું છે કે કાયદા મંત્રીએ અહેવાલમાં ફેરફાર કર્યા હતા. સીબીઆઈના ડિરેક્ટરે સુપ્રીમ કોર્ટ સમક્ષ નીખાલસ કબૂલાત કરી હતી. તેમની રજુઆતથી કેન્દ્રિય કાયદા પ્રધાન અશ્વિનીકુમાર, એટર્ની જનરલ જીઈ વહાણવટી અને પીએમઓ તથા કોલસા મંત્રાલયના અધિકારી સકંજામાં આવી ગયા છે. સીબીઆઈની એફિડેવિટમાં અન્ય ઘણી બધી બાબતોનો ખુલાસો કરવામાં આવ્યો છે. એફિડેવિટના સૌથી મહત્વપૂર્ણ ભાગ તરીકે પેરેગ્રાફ ૧૮ અને ૧૯ છે જેમાં સ્ટેટસ રિપોર્ટમાં ફેરફાર કરવામાં આવ્યા હતા. એટર્ની જનરલ અને પીએમઓના અધિકારી તથા કાયદાપ્રધાન તેમજ કોલસા મંત્રાલયના સંયુક્ત સચિવ દ્વારા કરવામાં આવેલા સૂચનોના આધાર ઉપર સ્ટેટસ રિપોર્ટમાં ફેરફાર કરવામાં આવ્યા હતા. એફિડેવીટમાં એમ પણ જણાવાયું છે કે કેટલીક લાઈનોને રદ કરી દેવામાં આવી હતી. પીએમઓ અને કાયદા પ્રધાનની સૂચનાથી આ લાઈનો રદ કરવામાં આવી હતી. સીબીઆઈ દ્વારા રજૂ કરવામાં આવેલી એફીડેવીટમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે પૂર્વ



એએસજી હરીન રાવલ અને એટર્ની જનરલ જીઈ વાહનવટી કાયદા પ્રધાન સાથે આ મિટીંગમાં ઉપસ્થિત રહ્યા હતા. એફિડેવીટમાં એવો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે કે કાયદા પ્રધાન દ્વારા છઠ્ઠી માર્ચના દિવસે બેઠક બોલાવવામાં આવી હતી. કારણ કે તેઓ સ્ટેટસ રિપોર્ટની બાબતોને જાણવા ઈચ્છુક હતા. દરમિયાનમાં કોંગ્રેસના સૂત્રોએ કુમારને ટાંકીને કહ્યું છે કે આ મિટીંગ એટર્ની જનરલ દ્વારા બોલાવવામાં આવી હતી. કોલસા કૌભાંડ અંગે સુપ્રીમ કોર્ટમાં મહત્વપૂર્ણ એફિડેવીટ રજૂ કરવાના એક દિવસ પહેલાં જ આ અહેવાલથી યુપીએ સરકાર હચમચી ઉઠી હતી. સીબીઆઈના ડિરેક્ટરે કહ્યું છે કે તપાસ સંસ્થાની આ મામલામાં તપાસ પારદર્શક અને સ્વચ્છ છે. કોઈપણ આરોપી અથવા શકમંદને હળવાશનું વલણ અપનાવીને જવા દેવામાં આવ્યા નથી.

## હવાઈદળના પૂર્વ વડાની સામે લુકઆઉટ નોટિસ જારી કરાઈ

નવી દિલ્હી,તા. ૬

સંરક્ષણમંત્રી એકે એન્ટોનીએ આજે લોકસભામાં કહ્યુ હતુ કે સીબીઆઈએ વીવીઆઈપી હેલિકોપ્ટર સૌદાબાજીના મામલામાં ગેરરીતિના સંબંધમાં હવાઈદળના ભૂતપૂર્વ વડા સામે લુકઆઉટ નોટિસ જારી કરવામાં આવી છે. ગૃહમાં એક લેખિત પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યુ હતુકે સીબીઆઈએ આ કેસના સંબંધમાં આઈએએફના ભૂતપૂર્વ વડા સહિત ભારતમાં ઘણાબધા વ્યક્તિગતો સામે લુકઆઉટ નોટિસ જારી કરી છે. તેમના જવાબમાં એન્ટોનીએ આઈએએફના વડાના નામનો ઉલ્લેખ કર્યો ન હતો




પરંતુ આ સૌદાબાજીમાં ભારતીય હવાઈદળના ભૂતપૂર્વ વડા એસપી ત્યાગીની ભૂમિકામાં સીબીઆઈ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. ત્યાગીના બેંક ખાતાઓ સીબીઆઈ દ્વારા ફ્રિજ કરી દેવામાં આવ્યા છે. તેમની પુછપરછ પણ કરવામાં આવી ચુકી છે. સંરક્ષણ મંત્રીએ કહ્યુ હતુ કે આ સૌદાબાજીના સંબંધમાં ઈટાલી પાસેથી દસ્તાવેજો મળી ચુકયા છે. ઓગસ્ટા વેસ્ટલેન્ડ સમજૂતિમાં ગેરરીતિ સાથે સંબંધિત ઈટાલી પાસેથી દસ્તાવેજો હાથ લાગ્યા છે જેમાં ઈટાલીમાં બુસ્ટોમાં પ્રાથમિક તપાસના જજ દ્વારા જારી કરવામાં આવેલા સંપત્તિ જપ્ત કરવાના આદેશ અને સર્ચની નકલનો સમાવેશ થાય છે. ઓગસ્ટા વેસ્ટલેન્ડ દ્વારા ટ્યુનિસિયા અને ભારતમાં જુદી જુદી કંપનીઓ સાથે કરાયેલા ચોક્કસ કરારની નકલો પણ ઈટાલિયન સરકાર દ્વારા આપવામાં આવી છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે ઈટાલી પાસેથી મળેલા દસ્તાવેજોમાં તપાસ ચાલી રહી છે.

## મનમોહનસિંહ, અશ્વિની અને બંસલના રાજીમાની તીવ્ર માંગ

નવી દિલ્હી,તા. ૬

ભ્રષ્ટાચારના મુદ્દા પર કોંગ્રેસ પર આકરા પ્રહારો કરતા ભાજપે આજે કહ્યુ હતુ કે વડાપ્રધાન મનમોહનસિંહ, રેલવે પ્રધાન પવનકુમાર બંસલ અને કાયદા પ્રધાન અશ્વિની કુમારે હવે રાજીનામા આપી દેવા જોઈએ. જો એવું કહશે નહીં તો લોકો જ તેમને ફેંકી દેશે. વિરોધપક્ષે સાથી પક્ષોને પણ જુદુ જુદુ વલણ અપનાવવા બદલ ઝાટકણી કાઢી છે. કોલસા બ્લોક ફાળવણીના મામલામાં તથા રેલવે લાંચ કાંડના મામલામાં કોંગ્રેસના નેતૃત્વમાં યુપીએ સરકાર પર તીવ્ર પ્રહારો કરવામાં આવ્યા હતા. ભાજપે કહ્યુ છે કે ક્રાંતિની કોંગ્રેસ પાર્ટી હવે ભ્રષ્ટાચારની કોંગ્રેસ બની ગઈ છે. રાજ્યસભામાં ભાજપના નાયબ નેતા રવિશંકર પ્રસાદે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યુ હતુકે કોંગ્રેસ ભ્રષ્ટાચાર કરી રહી છે અને ભ્રષ્ટાચાર કરનાર લોકોને બચાવવાનું કામ પણ કરી રહી છે. કાયદા પ્રધાન અશ્વિનીકુમાર અને રેલવે પ્રધાન પવનકુમાર બંસલ સંપૂર્ણપણે ફસાઈ ગયા હોવા છતાં તેમને બચાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. કોંગ્રેસને એવો ભય સતાવી રહ્યો છે કે જો તેમની ચકાસણી કરવામાં આવશે તો વડાપ્રધાન પણ સકંજામાં



આવશે. રવિશંકરે કહ્યુ હતુ કે વર્તમાન સ્થિતિમાં વડાપ્રધાન સહિત આ બંને પ્રધાનોને પોતાના હોદ્દા પર રહેવાનો અધિકાર નથી. ભાજપના નાયબ અધ્યક્ષ મુખ્તાર અબ્બાસ નકવીએ કહ્યુ હતુ કે ગાંધીજીએ જે કોંગ્રેસને દેશને અંગ્રેજોના સકંજામાંથી છોડાવવા હથિયાર તરીકે ઉપયોગ કર્યો હતો તે હવે ભ્રષ્ટાચારની કોંગ્રેસ પાર્ટી બની ગઈ છે. સોનિયા ગાંધીના સમયમાં કોંગ્રેસ પાર્ટી ભ્રષ્ટાચારમાં ગળાડૂબ છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે તેલથી લઈને રેલવે સુધી ભ્રષ્ટાચાર ફેલાયેલો છે. વડાપ્રધાનથી લઈને મંત્રી, મંત્રીથી લઈને મામા-ભણીયા, જમાઈને લૂંટની છૂટ મળેલી છે.

નકવીએ આક્ષેપ કર્યો હતો કે કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી અને વડાપ્રધાન મનમોહનસિંહ ગુનાઓને પ્રોત્સાહન આપી રહ્યા છે. આ સરકાર સત્તામાં રહેવાના નૈતિક અને બંધારણીય અધિકાર ગુમાવી ચુકી છે. જો સરકાર ભ્રષ્ટાચારી સામે કાર્યવાહી કરશે નહીં તો દેશના લોકો તેમને ફેંકી દેશે. રવિશંકર પ્રસાદે કહ્યુ હતુ કે એ રાજા, કલાનિધિ મારન માટે જુદુ વલણ અપનાવવામાં આવ્યુ હતુ જ્યારે કોંગ્રેસના પ્રધાનો માટે જુદુ વલણ અપનાવવામાં આવી રહ્યુ છે. મુખ્તાર અબ્બાસે એક પછી એક તીવ્ર પ્રહારો કર્યા હતા. બીજી બાજુ ભાજપના પ્રવક્તા પ્રકાશ જાવડેકરે કહ્યુ હતુ કે જો સરકારમાં થોડી ઘણી પણ શરમ છે તો તાત્કાલિક ધોરણે નૈતિક જવાબદારી સ્વીકારીને રાજીનામુ આપવું જોઈએ.

## કોકપીટમાં કેમેરા ગોઠવવા ડીજીસીએ હુકમ જારી કરશે

નવી દિલ્હી,તા. ૬

ફરજ ઉપર પાયલોટોના આઘાતજનક વર્તનની ઘણી બાબતો સપાટી ઉપર આવ્યા બાદ ચિંતિત એવીએશન રેગ્યુલેટર હવે એરલાઈનો માટે કોકપીટમાં કેમેરાઓ ગોઠવવાની બાબત ફરજિયાત બનાવવાની તૈયારીમાં છે. કોકપીટમાં કેમેરા ગોઠવવાનો આદેશ ડીજીસીએ દ્વારા હવે જારી કરવામાં આવનાર છે. તાજેતરના જ ધારાધોરણના ભંગના કેસમાં એર ઈન્ડિયાના પાયલોટોએ તેમની સીટ ઉપર એર હોસ્ટસને બેસવાની મંજૂરી આપી દીધી હતી. બેંગકોક-દિલ્હી ફ્લાઈટ દરમિયાન વિમાનને કઈ રીતે ઓપરેટ કરવી



તે અંગેની માહિતી આપતા પાયલોટોની ફરિયાદ સપાટી ઉપર આવી હતી. અન્ય એક આઘાત જનક બનાવમાં એર ઈન્ડિયાના વિમાને એટીસીની મંજૂરી વગર મંબુઈમાં ઉતરાણ કર્યું હતું. ડિરેક્ટો રેટ જનરલ ઓફ સિવિલ એવીએશન (ડીજીસીએ) ગંભીરતાપૂર્વક ફ્લાઈટની સુરક્ષાના હિટમાં કોકપીટમાં કેમેરાઓ ગોઠવવાની યોજના ધરાવે છે. પાઈલોટો ચકાસણી હેઠળ છે તે બાબતથી વાકેફ રહે તે જરૂરી છે. આ અંગેની દરખાસ્ત થોડાક દિવસ પહેલાં જ ઈન્ટરનેશલ સિવિલ એવિએશન ઓર્ગેનાઈઝેશન દ્વારા રજૂ કરવામાં આવી હતી. ફ્લાઈટના ધારાધોરણ આ અંગે વિચારવામાં આવી રહ્યા છે. યોજનાના સંબંધમાં પાયલોટો અને એરલાઈન્સ લોબી પાસેથી જોરદાર વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે. એરલાઈનો એવા આધાર ઉપર આનો વિરોધ કરવા માગે છે કે તેમના માટે બિનજરૂરી ખર્ચ વધશે. સાધનોની ખરીદી કરવામાં સમય જશે. ત્યારબાદ જરૂરી સામગ્રી અને રેકોર્ડ જાળવણી માટે ખર્ચ વધશે. પાઈલોટો પણ ઈલેક્ટ્રોનીક વોચ હેઠળ તેઓ રહેશે તેને રહીને વિરોધ કરી રહ્યા છે. જોરદાર વિરોધ છતાં એવું જાણવા મળી રહ્યું છે કે આ હિલચાલ વહેલી તકે અમલી બનાવી દેવામાં આવશે. એવીએશન રેગ્યુલેટર આક્રમક મૂડમાં છે. યોજનાની વિગતો તૈયાર કરવામાં આવી રહી છે. ડીજીસીએના અધિકારીઓ આ બાબતને લઈને ઉત્સુક છે કે એરલાઈન્સની નિશ્ચિત સમયગાળા બાદ કેમેરામાં રેકોર્ડ કરવામાં આવેલી બાબતો ડાઉનલોડ કરીને રેકોર્ડને જાળવવામાં આવે. મોટાભાગના કેસોમાં વિમાની કર્મીઓ ભૂલમાં રહે છે અને આ કર્મીઓ બનાવ અંગે માહિતી આપતા નથી.

## એલએસી પર યથાસ્થિતિ જાળવવા ભારત-ચીન સહમત

નવી દિલ્હી,તા. ૬

ભારત અને ચીન વાસ્તવિક અંકુશરેખા (એલએસી) પર યથાસ્થિતિ જાળવી રાખવા માટે સહમત થઈ ગયા છે. પશ્ચિમી સેક્ટરમાં ૧૫મી એપ્રિલ પહેલા જેવી સ્થિતિ હતી તેવી સ્થિતિ જાળવવા બંને દેશો રાજી થઈ ગયા છે. વિદેશ મંત્રાલય દ્વારા આજે આ મુજબની માહિતી આપવામાં આવી હતી. વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યુ હતુ કે ફ્લેગ મિટિંગો રૂપરેખા તૈયાર કરવા માટે યોજાઈ ચુકી છે. વ્યવસ્થા વધુ સારી ઉભી થાય તેવી ચર્ચા થઈ ચુકી છે. દરમિયાન એવા અહેવાલને આજે સરકારે સમર્થન આપ્યુ હતુ કે ઘૂસણખોરીના વિવાદનો અંત આવી ગયો છે. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યુ હતુ કે સરહદી વિસ્તારમાં ઘૂસણખોરી બાદ ઉભી થયેલી મડાગાંઠ હવે ઉકેલાઈ લેવાઈ છે. ભારત અને ચીને દ્વિપક્ષીય સંબંધોના વ્યાપક હિતોને ધ્યાનમાં લઈને એકબીજા સાથે સહકાર કરવા અને રચનાત્મક વલણ અપનાવવાની તૈયારી બતાવી છે. બંને પક્ષો મહત્તમ સંયમ જાળવીને આગળ વધી રહ્યા છે. રાજદ્વારી ચેનલો અને સરહદી બેઠકો પણ ચાલી રહી છે. ૨૦ દિવસ સુધી મડાગાંઠ રહ્યા બાદ દોલતબેગ ઓલ્ડી વિસ્તાર (ડીબીઓ)માંથી પોતાના સૈનિકોને પાછા ખેંચી લેવાની કબૂલાત ચીને કરી છે. બંને દેશો દ્વારા પોત પોતાના સૈનિકો અગાઉની સ્થિતિમાં



મૂકી દીધા છે. તમામ વાતચીત ફળદાયી રહી છે. તેમણે ઉમેર્યુ હતુ કે અમે માનીએ છીએ કે સરહદી વિસ્તારમાં શાંતિ જાળવી રાખવાની જરૂર છે. ચીન શક્યતેટલી વહેલી તકે સરહદી પ્રશ્નને પારસ્પરીકરીતે સ્વીકાર્ય અને વાજબી ઉકેલ માટે ભારત સાથે હાથ મિલાવવા તૈયાર છે. પીએલએ દ્વારા ઉભા કરવામાં આવેલા ટેન્ટને તોડી પાડવા સહિત વિવાદના ઉકેલ અંગે વધુ વિગત આપવા પુછવામાં આવતા તેમણે કહ્યુ હતુ કે નવેસરની માહિતી હજુ મેળવવામાં આવી રહી છે. ચીની પક્ષે એમ પણ કહ્યુ છે કે ભારત સાથે સરહદી વિસ્તારોમાં પારદર્શકતા જાળવી રાખવામાં આવશે. દ્વિપક્ષીય સંબધોને વધુ મજબુત બનાવવામાં આવશે. ૧૫મી એપ્રિલના દિવસે દોલતબેગ ઓલ્ડી સેક્ટરમાં એલએસીની અંદર ૧૯ કિલોમીટર સુધી ચીની સૈનિકો વાહનો અને અન્ય જરૂરી જથ્થા સાથે ઘૂસી ગયા હતા.

ચીની સૈનિકોની સંખ્યા ૫૦ની આસપાસની હતી. ભારતીય સૈનિકોએ પણ ૩૦૦ મિટરના અંતરે ચીની દળોનો સામનો કરવા ચોકીઓ ઉભી કરી લીધી હતી. ગઈકાલે સહમતિ થયા બાદ ચીની સૈનિકો મોડે સુધી ખસી ગયા હતા અને આ અંગેની સત્તાવાર જાહેરાત કરાઈ હતી. હવે વિદેશમંત્રી સલમાન ખુરશીદ નવમી મેના દિવસે ચીન જશે. જ્યાં ૨૦મી મેથી શરૂ થતી ચીનના નવા વડાપ્રધાનની ભારત યાત્રા માટેની રૂપરેખા તૈયાર કરાશે.

## ૪૮ કલાક સુધી શુટીંગ કરવા માંગતી આલિયા ભટ્ટ

મુંબઈ, તા. ૬

આલિયા ભટ્ટ હાલ ઘણી વ્યસ્ત બની ગઈ છે. તેની વ્યસ્તતાનું કારણ ફિલ્મોનું શુટીંગ છે. 'ટુ સ્ટેટસ' ફિલ્મનું શુટીંગ લગભગ પુરુ થઈ ચુક્યુ છે. તો બીજી બાજુ ઈમ્તિઆઝ અલીની આગામી ફિલ્મ 'હાઈ-વે' માટે તેનું શુટીંગ શિડ્યુલ તૈયાર થઈ ચુક્યુ છે. આલિયાને બંને ફિલ્મોનું શુટીંગ કરવામાં મજા આવી રહી છે. 'હાઈ-વે' ડિસેમ્બરમાં રીલીઝ થનાર છે. 'ટુ સ્ટેટસ' આગામી વર્ષ એપ્રિલ સુધી રીલીઝ થશે.

આલિયાના જણાવ્યાં અનુસાર ટુ સ્ટેટસનું શુટીંગ થોડા દિવસો પહેલા જ પુરુ થયું છે અને હવે તે હાઈ-વેની શુટીંગમાં વ્યસ્ત બની ગઈ છે. કોસ્મેટીક બ્રાન્ડ વિજ્ઞાપન સિવાય આલિયા હાલ એક સોફ્ટ ડ્રિંકની એડ વરૂણ ધવન સાથે તેમજ અન્ય એક એડમાં સિદ્ધાર્થ મલ્હોત્રા સાથે જોવા મળી રહી છે. એડ ફિલ્મ્સ વિશે આલિયાનું કહેવું છે કે તે માત્ર



૨૦થી ૩૦ સેકેન્ડમાં જ પોતાની પ્રોડક્ટ વેચી દે છે. તેનું શુટીંગ પણ ઝડપથી પુરુ થઈ જાય છે. તેથી એડ ફિલ્મ કરવાની તેને ઘણી મજા આવે છે. શુટીંગનો પહેલો પ્રેમ ગણાવતી આલિયા કહે છે કે જ્યારે શુટીંગ પુરુ થઈ જાય છે ત્યારે મને વધુને વધુ શુટીંગ કરવાની ઈચ્છા થવા લાગે છે. હું ૨૪ નહીં ૪૮ કલાક શુટીંગ કરવા માંગુ છું. મને એ વાતની અત્યંત ખુશી છે કે ચાર-પાંચ દિવસમાં જ હું ફરીથી ફિલ્મનું શુટીંગ ચાલુ કરી દઈશ.

સાજીદ નડિયાદવાલા પ્રોડક્શનની ફિલ્મ 'હાઈ-વે'નું શુટીંગ માર્ચમાં શરૂ થયું હતું. આ ફિલ્મમાં એકબીજાથી સંપુર્ણ અલગ વ્યક્તિત્વ ધરાવતા બે વ્યક્તિની વાર્તા છે. જે ટ્રકમાં એકસાથે રોડટ્રીપ પર નિકળે છે. જ્યારે 'ટુ સ્ટેટસ' ચેતન ભગતના ઉપન્યાસ પર આધારીત ફિલ્મ છે. આ ફિલ્મમાં લગ્નની વાર્તા છે. જેમાં એક પંજાબી યુવક તમીલ યુવતી સાથે પ્રેમ કરવા લાગે છે. બે અલગ-અલગ સંસ્કૃતિઓને કારણે પરિવારમાં સંઘર્ષની સ્થિતિ ઉભી થાય છે.

## આરકોમના મોબાઈલ કોલ રેટમાં ૩૦ ટકા સુધી વધારો

મુંબઈ,તા. ૬

રિલાયન્સ કોમ્યુનિકેશનને આજે કહ્યુ હતુ કે પ્રોફિટને સુધારવાના હેતુસર તેના જીએસએમ અને સીડીએમએ પ્રિપેઈડ કસ્ટમરો બંને માટે મોબાઈલ કોલ રેટમાં વધારો કરી દેવામાં આવ્યો છે. અન્ય ઓપરેટરો પણ આરકોમના પગલે ડિસ્કાઉન્ટમાં કાપ મૂકે તેવી શક્યતા છે. મોબાઈલ બિલમાં ૨૦થી ૩૦ ટકાનો વધારો થઈ ગયો છે.


એક નિવેદનમાં વાયરલેસ બિઝનેસ માટેના આરકોમના મુખ્ય કારોબારી અધિકારી ગુરદિપસિંહે કહ્યુ છે કે અમે હવે દેશભરમાં તમામ કમિટમેન્ટ પ્લાન જોડી ચુક્યા છીએ. ટેરિફમાં ૨૦ ટકા અને ૩૦ ટકા વચ્ચે વધારો કરી રહ્યા છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે તાત્કાલિક અમલ સાથે તમામ કસ્ટમરો પર નવા દર લાગુ થશે. આ હિલચાલ નફાને વધારવા અને વધુ સારી રેવેન્યુ પ્રતિમિનિટ લાવવાના હેતુસર હાથ ધરવામાં આવી છે. નિવેદનમાં જણાવવામાં આવ્યુ છે કે ભારતીય ટેલિકોમ ઈન્ડસ્ટ્રીઝ હવે વધુ મજબુત બનાવાના તબક્કામાંથી પસાર થઈ રહી છે. નાના ઓપરેટરો મેદાનમાંથી ખસી રહ્યા છે અથવા તો તેમના ઓપરેશનને ઘટાડી રહ્યા છે. તેમણે ઉમેર્યુ હતુ કે હાઈપર સ્પર્ધાત્મક દબાણ હળવુ બની રહ્યુ છે. આનાથી લાંબા ગાળા સુધી હવે સ્પર્ધા વધુ જોરદાર જામશે. લાંબા ગાળા અને પાન ઈન્ડિયા સ્તરના ઓપરેટરો હવે લડાયક બન્યા છે. આરકોમનું કહેવું છે કે મોટા ભાગના તેના કસ્ટમરો કમિટમેન્ટ પ્લાનનો ઉપયોગ કરે છે. કંપનીએ કમિટમેન્ટ પ્લાન ૨૧ અને ૪૫ હેઠળ રેટ એક પૈસા પ્રતિ સેકન્ડથી વધારીને ૧.૨ પૈસા પ્રતિ સેકન્ડ કરી દીધો છે.

આરકોમનું કહેવું છે કે તેના દ્વારા સ્પેશિયલ ટેરિફ વાઉચર હેઠળ નફા ઘટાડી દેવામાં આવ્યા છે આનો મતલબ એ થયો કે મોબાઈલ ફોન યુઝર હવે કમિટમેન્ટ પ્લાન સાથે આવશે. કમિટમેન્ટ પ્લાન ૪૮માં હવે ૫૦૦ મિનિટના બદલે ૧૬૦ લોકલ ઓન નેટ (આરકોમથી આરકોમ) મિનિટની ઓફર કરશે આનો મતલબ એ થયો કે આમાં ૬૫ ટકા સુધીનો ઉલ્લેખનીય ઘટાડો કરવામાં આવ્યો છે. કમિટમેન્ટ પ્લાન ૪૬ હેઠળ આરકોમ અગાઉના ૨૦૦ મિનિટની સામે ૧૪૦ લોકલ ઓન નેટ મિનિટની ઓફર કરશે. આમાં ૩૦ ટકાનો ઘટાડો કરાયો છે. આરકોમના શેરમાં આજે કડાકો બોલાઈ ગયો છે.

## કુંદાકુલમ પાવરપ્લાન્ટને લીલીઝંડી

નવી દિલ્હી,તા. ૬

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રીમકોર્ટે તમિળનાડુમાં કુંદાકુલમ ન્યુક્લિઅર પાવર પ્લાન્ટને શરૂ કરવા માટે લીલીઝંડી આપી દીધી હતી. પ્લાન્ટની તરફેણમાં અગાઉ મદ્રાસ હાઈકોર્ટના ચુકાદાને પડકાર ફેંકીને દાખલ કરવામાં આવેલી શ્રેણીબદ્ધ અરજીઓને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યુ હતુ કે કુંદાકુલમ ન્યુક્લિઅર પાવર પ્લાન્ટ શરૂ કરવાની બાબત ખૂબજ મહત્વપૂર્ણ છે કારણ કે આનાથી દેશના વિકાસમાં તેજી આવશે. સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યુ હતુ કે ન્યુક્લિઅર એનર્જી ઉત્પાદન ભારત માટે હવે ખૂબજ મહત્વપૂર્ણ છે. કુંદાકુલમ પ્લાન્ટ બિલકુલ સુરક્ષિત



અને સલમાન છે. સાથે સાથે લોકોના વ્યાપકહિતમાં આની જરૂર છે. દેશના આર્થિક વિકાસમાં પણ આની જરૂર છે. મહત્વપૂર્ણ બાબત એ છે કે સુપ્રીમ કોર્ટે કુંદાકુલમ ન્યુક્લિઅર પાવર પ્લાન્ટ સાથે સંબંધિત સુરક્ષા, સલામતિ અને પર્યાવરણના મુદ્દાની નોંધ લીધી હતી અને ૧૫ માર્ગદર્શિકા પણ જારી કરી હતી. સુપ્રીમનું કહેવું છે કે કુંદાકુલમ ન્યુક્લિઅર પાવર પ્લાન્ટ શરૂ થયા બાદ માત્ર રાજ્યને જ નહીં બલકે દેશને ફાયદો થશે. જસ્ટિસ કેએસ રાધાકૃષ્ણન અને જસ્ટિસ દિપક મિશ્રાની બનેલી બેંચે કહ્યુ હતુ કે સરકારને સુરક્ષા અને પ્લાન્ટના સંચાલન ઉપર નજર રાખવા જરૂરી વ્યવસ્થા ગોઠવવી પડશે. કોર્ટે એમ પણ કહ્યુ હતુ કે ઘણા નિષ્ણાંત ગ્રુપ કહી ચુક્યા છે કે વિકિરણના કારણે પરમાણુ પ્લાન્ટની આસપાસના વિસ્તારમાં કોઈ પણ પ્રકારનો ખતરો નથી. કોર્ટે કહ્યુ હતુ કે લોકોને થનારી કેટલીક અસુવિધાઓની નોંધ લઈને લોકોની સમસ્યા દૂર થાય તેવા પ્રયાસો થવા જોઈએ. આ અગાઉ સુપ્રીમ કોર્ટે કુંદાકુલમ ન્યુક્લિઅર પાવરપ્લાન્ટ શરૂ કરવા પર પ્રતિબંધ મુકવા અને આ યોજનાને ખતમ કરી દેવાની માંગ કરી દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી સોમવાર સુધી એટલે કે આજ સુધી મોકુફ કરી હતી. ખંડપીઠે આ યોજનાની સામે રજુ કરાયેલી અરજીઓ પર ગયા વર્ષે ડિસેમ્બરમાં સુનાવણી પૂરી કરી હતી.

## સમાચાર ઝલક

- સોનાનો આયાત જથ્થો સરકાર નક્કી કરશે, રિઝર્વ બેંકનાં સંકેત.
- ચેમ્પિયન ટ્રોફી ટીમ જાહેર, ગંભીર યુવરાજ બહાર.
- રેલ્વે લાંચકાંડમાં સીબીઆઇએ આઠની ધરપકડ કરી, વધુ ધરપકડોની શક્યતા.
- પેટાચૂંટણી જાહેર થતાં આચારસંહિતા શરૂ.
- ભારત-ચીન સૈનિકો ઓલ્ડ ગોલ્ડી સેક્ટરમાં પાછા હટ્યા.
- ફૂડબીલ અંગે વટહુકમ હાલમાં નહીં.
- વ્યક્તિગત ખરીદશક્તિ વધી છે, જેથી સોનાનો વપરાશ વધ્યો છે.
- હજુ પણ દેશમાં ૧૧ કરોડ ગ્રામીણ લોકો ખુલ્લાં શૌચાલય જાય છે !!!
- લૈગિંક અપરાધના મામલામાં ભારતની સ્થિતિ ખુબ જ ખરાબ.
- ઠંડા પીણા બનાવતી ફેક્ટરીઓ આરોગ્ય માટે ઘાતક બની શકે.
- ભીમ અગિયારસે સારો વરસાદ થવાનાં સંકેતો.
- તા. ૧૦મી મે એ દેશભરમાં કેમિસ્ટોની હડતાળ.
- બ્રાન્ડેડ કંપનીનાં ડુપ્લીકેટ સાબુ બનાવતું કારખાનું ઝડપાયું.
- સુરંગકાંડ - જેલ સુપ્રીટેન્ડેન્ટ સહિત અનેક પર તોળાતું સંકટ.
- યુપીએસસીમાં મહિલાઓ મોખરે, કેરળની હરિતાને પ્રથમ સ્થાન.
- રૂનું ઉત્પાદન ઓછું થતાં બેકારીનો સંભવ.
- રેસ્ટોરેન્ટ ઉદ્યોગ ઘેરી મંદીમાં.
- સિરિયા પર ઇઝરાયેલી હુમલાને કારણે મુસ્લિમ વિસ્તારોમાં ભારે ઉત્તેજના.
- ભજનના વારસાને જાળવવા આપણે સક્ષમ બનવું પડશે : હેમંત ચૌહાણ.
- ગુટખા પરના પ્રતિબંધ ક્યારે ? તમામ રાજ્ય સરકારો સામે લાલ આંખ.